# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-11-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **રાજ્ય સરકારની સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરના બીજા દિવસે ડીપ ટેકનોલોજીના ઉપયોગ સહિતના વિષયોની ચર્ચા થઈ.**
2) **બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી હાથ ધરાશે.**
3) **રાજ્યના ખેડૂત નોંધણી પૉર્ટલ એગ્રીસ્ટેક પર ટેક્નિકલ ખામી સર્જાતા ખેડૂતો હાલ પૂરતી નોંધણી કરાવી શકશે નહીં.**
4) **વિશ્વ વિખ્યાત ધોળાવીરાનો 135 કરોડ રૂપિયાના ખર્ચે વધુ વિકાસ કરાશે.**
5) **દિલ્હીમાં યોજાયેલી “કરાટે ઇન્ડિયા ઑર્ગેનાઈઝેશન ફેડરેશન કપ” સ્પર્ધામાં ડાંગના 2 યુવાનોએ કાંસ્ય ચંદ્રક જીત્યો.**

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SOMNATH CHINTAN SHIBIR

**સોમનાથમાં રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરના આજે બીજા દિવસે "સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નૉલોજીના ઉપયોગ" તથા "એઆઈ એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા અને આંકડા વિશ્લેષણ" એ વિષયો પર વક્તવ્ય સત્ર યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.**

**એનવીડિયાના નિદેશક જીગર હાલાણીએ સરકારની સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા ટેક્નૉલોજીના ઉપયોગ અંગે માહિતી આપી હતી. ઉપરાંત તેમણે રાજ્યને A.I. આદર્શ બનાવવા હાલમાં થતી કામગીરી અને ઉપલબ્ધતાઓ અંગે જાણકારી આપી હતી. ઉપરાંત A.I. ટેક્નૉલોજીની મદદથી જરૂરિયાતમંદો સુધી સરકારની યોજનાઓનો લાભ કઈ રીતે પહોંચાડી શકાય તે અંગે શ્રી હાલાણીએ એક વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ અંગે ગીરસોમનાથ જિલ્લાના પ્રતિનિધિએ વધુમાં આ મુજબ જણાવ્યું.**

**(વૉઈસકાસ્ટ- રાજેશ ભજગોતર, પીટીસી, ગીરસોમનાથ)**

---------------------------------------------------------------------

- **(PTC- GIR SOMNATH- PRAVESH)**

-(NAVIN)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ રવિવારની 116મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને Newsonair મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. તે એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ લાઈવ-સ્ટ્રીમ થશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ કરશે.

---

- પૂલ- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# VAV BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠકની તાજેતરમાં યોજાયેલી પેટા-ચૂંટણી માટે આવતીકાલે સવારે આઠ વાગ્યે મતગણતરી શરૂ કરાશે. પાલનપુર તાલુકાના જગાણામાં આવેલી સરકારી ઇજનેરી મહાવિદ્યાલયના મતગણતરી કેન્દ્રમાં આવતીકાલે 321 બૂથની 23 રાઉન્ડમાં મતગણતરી કરાશે. આ ચૂંટણી પ્રક્રિયામાં 159થી વધુ અધિકારી અને કર્મચારીઓ જોડાશે.

મતગણતરી કેન્દ્રને સીસીટીવી કેમેરાથી સુસજ્જ કરાયા છે. તેમજ 400 જેટલા પોલીસ જવાનો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, રાજ્ય અનામત પોલીસના જવાનો મતગણતરી દરમિયાન ચુસ્ત બંદોબસ્ત રાખશે. માહિતી અને ફરિયાદ માટે જિલ્લાકક્ષાએ એક નિયંત્રણ ખંડ પણ કાર્યરત્ કરાયો છે. ઉપરાંત હેલ્પલાઈન નંબર 1950 જાહેર કરાયો છે. આ પહેલા જિલ્લા ચંટણી અધિકારી મિહીર પટેલે મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ અંગે બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિએ વધુમાં આ મુજબ જણાવ્યું.

**(વૉઈસકાસ્ટ- સવજી ચૌધરી, પીટીસી, બનાસકાંઠા)**

---------------------------------------------------------------------

- (પીટીસી- Banaskantha - પ્રવેશ)

-(NAVIN)

# PASHUDHAN GANATARI-SURENDRANAGAR

સુરેન્દ્રનગર જિલ્લામાં 623 ગામોમાં પશુધન વસ્તી ગણતરી હાથ ધરાઈ છે. દરમિયાન 16 જેટલી જાતના પશુઓની અને 219 પ્રજાતિઓની ગણતરી કરાશે.

સમગ્ર દેશમાં આ નવેમ્બરથી ફેબ્રુઆરી 2025 સુધીના 4 માસ દરમ્યાન 21મી પશુ ગણતરી કરાશે, જેના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લામાં ભારત સરકાર દ્વારા બનાવાયેલી મોબાઈલ એપ્લિકેશનની મદદથી પશુપાલકોના ઘરે જઈ ગણતરી કરાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, દર પાંચ વર્ષે થતી આ વસતી ગણતરી, સરકારની પશુવિષયક યોજનાઓ, રોગચાળા નાબૂદી અને તે માટે આગોતરા સસીકરણ જેવી કામગીરી માટે ઉપયોગી બની રહે છે.

------------------------------------------------------------------------

- રીટા દવે, ptc , **SURENDRANAGAR**

-(NAVIN)

# AGRISTACK GUJARAT PORTAL

રાજ્યના ખેડૂત નોંધણી એટલે કે, ફાર્મર રજિસ્ટ્રી પૉર્ટલ એગ્રીસ્ટેક પર ટેક્નિકલ ખામી સર્જાતા તેમાં હાલ પૂરતી નોંધણી થઈ શકશે નહીં. એમ રાજ્ય સરકારની એક યાદીમાં જણાવાયું છે. પૉર્ટલ પર ખામીને દૂર કરીને નોંધણી પ્રક્રિયા ફરી શરૂ કરીને ખેડૂતોને આ માટેની જાણ કરાશે.

કેન્દ્ર સરકારની સૂચના અનુસાર, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર મહિનાનો હપ્તો મેળવવા 25 નવેમ્બર પહેલા નોંધણી ફરજિયાત પૂર્ણ કરવા જણાવાયું હતું, પરંતુ હાલમાં પૉર્ટલ પર ટેક્નિકલ ખામી સર્જાતા નોંધણી પ્રક્રિયા અટકી ગઈ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે.

ઉલ્લેખનીય છે કે, એગ્રીસ્ટેક પ્રૉજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારોના જમીન રેકર્ડને વિશેષ ઑળખપત્ર સાથે જોડવા ગત 15 ઑક્ટોબરથી ખેડૂત નોંધણી શરૂ કરાઈ હતી. આ નોંધણી હેઠળ ખેડૂતોને અગિયાર આંકડાનું વિશેષ ખેડૂત ઓળખપત્ર અપાશે, જેમાં તેમની જમીન સહિતની વિગતો ઉપલબ્ધ રહેશે.

---

- (માહિતી ખાતા **Gandhinagar** - પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# TOURISM PHOTOGRAPHY COMPETITION

ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા બે અનોખી ફોટોગ્રાફી સ્પર્ધા યોજાઈ રહી છે. 19 નવેમ્બરથી શરૂ થયેલી આ સ્પર્ધામાં 24 નવેમ્બર સુધી ફોટોગ્રાફીના ઉત્સાહીઓને તેમના પોતાના દ્રષ્ટિકોણ દ્વારા રાજ્યની સુંદરતા દર્શાવવા આમંત્રિત કરાયા છે. આ સ્પર્ધા થકી ગુજરાત પ્રવાસન વાઇબ્રન્ટ રાજ્યની વણખેડાયેલી સુંદરતા અને રાજ્યના ઓછા જાણીતા આકર્ષક સ્થળોને વિશ્વ સમક્ષ લાવવાનો પ્રયાસ છે.

સ્પર્ધામાં ભાગ લેવા ફોટોગ્રાફર્સે સત્તાવાર અરજીપત્ર દ્વારા અરજી મોકલવી પડશે. સબમિશનમાં ડીએસએલઆર/મિરરલેસ કેમેરા/ડ્રોન/ GoProનો ઉપયોગ કરીને લીધેલી ઉચ્ચ ગુણવત્તાની તસવીરો હોવી જોઈએ. મોબાઇલ ફોનથી લીધેલા ફોટોગ્રાફ્સ સ્વીકારવામાં નહીં આવે. તસવીરો JPEG, JPG અથવા PNG ફોરમેટમાં હોવી જોઈએ. દરેક સ્પર્ધક દરેક શ્રેણીદીઠ ત્રણ જેટલી તસવીર મોકલી શકે છે. વિજેતા તસવીરને ગુજરાત ટુરિઝમ 2025ના કેલેન્ડરમાં તેમજ ગુજરાત ટુરિઝમની સત્તાવાર સોશિયલ મીડિયા ચેનલ્સ પર સ્થાન મળશે.

-----------------------------------------------------------------------

- રીટા દવે , ઇન્ફો -(NAVIN)

# AHMEDABAD ADHAR CENTRES CLOSED

અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સંચાલિત 47 આધારકાર્ડ નોંધણી કેન્દ્રો આવતીકાલે 12 વાગ્યા બાદ બંધ રહેશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, ભારત સરકાર દ્વારા આધાર કાર્ડના કર્મચારીઓને તાલીમ આપવાની હોવાથી આવતીકાલે આધારકાર્ડ કેન્દ્રો સવારે નવ વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી જ કાર્યરત રહેશે.

ત્યારબાદ 25 નવેમ્બર સોમવારથી કામગીરી રાબેતા મુજબ શરૂ થશે એમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------

- **(PTC- AHMEDABAD- PRAVESH)**

-(NAVIN)

# DHOLAVIRA SWADESH DARSHAN 2.O

કચ્છના ધોળાવીરાનો ભારત સરકારના સ્વદેશ દર્શનના બીજા તબક્કાની પરિયોજના હેઠળ સર્વગ્રાહી વિકાસ કરાશે. યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળોમાં સામેલ ધોળાવીરામાં 135 કરોડ રૂપિયાના ખર્ચે કચ્છની સંસ્કૃતિ, કળા અને ઇતિહાસને ઉજાગર કરતાં લાઈટ એન્ડ સાઉન્ડ શૉ સહિતના વિવિધ વિકાસકાર્યો હાથ ધરાશે.

ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શનના બીજા તબક્કા અંતર્ગત રાજ્યના ધોળાવીરા અને દ્વારકા સહિત દેશના 50 સ્થળોની પસંદગી કરાઈ છે. ધોળાવીરાને ટકાઉ અને પ્રતિભાવ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના હેતુસર 2 ભાગમાં કામગીરી કરાશે. પ્રથમ તબક્કામાં સંસ્કૃતિ ગામ, એમ્ફીથીએટર, ટેન્ટ સિટી, ટૂરિસ્ટ પ્લાઝા અને રસ્તાના વિકાસ સહિતના કામ કરાશે.

---------------------------------------------------------------------

- *(માહિતી ખાતા- ગાંધીનગર પીટીસી, કચ્છ, - પ્રવેશ)*

-(NAVIN)

# CIVIL HOSPITAL PATHRI OPERATION

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં માત્ર 2 દિવસમાં 10 દર્દીઓની લિથ્રોટ્રિપ્સીથી ઑપરેશન વગર જ પથરીની સારવાર કરવામાં આવી છે. સિવિલ હૉસ્પિટલના અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, પથરીની સારવાર માટે દર્દીઓએ હવે ખાનગી હૉસ્પિટલમાં જવાની જરૂર નથી. હાલમાં પથરીની સારવાર માટેની પ્રતીક્ષા યાદીમાં રહેલા 40 દર્દીઓની પણ ઝડપથી સારવાર કરાશે.

આ અંગે સિવિલ હૉસ્પિટલ યુરૉલોજી વિભાગના વડા ડૉ. શ્રેણીક શાહે જણાવ્યું કે, લિથોટ્રીપ્સી એ પથરીને તોડવા માટે એક સુરક્ષિત, અસરકારક અને દર્દી માટે અનુકૂળ સારવાર પદ્ધતિ છે. 2 દિવસમાં ત્રણ વર્ષથી લઈ 89 વર્ષ સુધીના દસ દર્દીને પથરીના દુઃખાવામાંથી મુક્ત કરાયા છે. અને આ દર્દીઓ હાલ સંપૂર્ણ સ્વસ્થ છે.

------------------------------------------------------------------------

- (માહિતી ખાતા-પ્રવેશ)

-(NAVIN)

# WEST KUTCH SOPARI SEIZED

પૂર્વ કચ્છ સ્થાનિક ગુના શાખાએ દુબઈથી ગેરકાયદે લવાયેલા સોપારીના જથ્થા સાથે ત્રણ આરોપીને પકડી પાડ્યા છે. પૂર્વ કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, પકડાયેલા આરોપીઓ કરચોરીથી બચવા માટે નકલી કાગળો બનાવી આ જથ્થો ગેરકાયદેસર રીતે રાજ્યમાં લાવી રહ્યા હતા.

આરોપીઓ પાસેથી એક કરોડ 61 લાખ 85 હજાર રૂપિયાની કિંમતના 53 હજાર 950 કિલો સોપારીનો જથ્થા સહિત સવા બે કરોડ રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે.

---------------------------------------------------------------------

- (પીટીસી- પશ્ચિમ કચ્છ- પ્રવેશ)

-(NAVIN)

# DANG KARATE MEDAL

દિલ્હીમાં યોજાયેલી “કરાટે ઇન્ડિયા ઓર્ગેનાઈઝેશન ફેડરેશન કપ” સ્પર્ધામાં ડાંગના 2 યુવાનોએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. કરાટે રમતગમત સંગઠનના ગૌરાંગકુમાર ભિવસન અને વૈભવ માહલા નામના 2 યુવાનોએ વિવિધ રાજ્યોમાંથી આવેલા રમતવીરોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા આ સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત વિધાનસભાના નાયબ દંડક, ડાંગના ધારાસભ્ય અને ડાંગ રમતગમત કરાટે સંગઠનના પ્રમુખ વિજય પટેલે બંને ખેલાડીઓને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

---

- (પીટીસી- **DANG** - પ્રવેશ) -(NAVIN)